श्री जैन मंडली,
इन्दौर सिटी

# મહાબળકુમાર

પત્રીવાળા ( કચ્છ ) શા. રતનશી
ચાંપસી તરફથી ભેટ

લેખક:-
પૂ. મુનિરાજ શ્રી કીર્તિવિજયજી
મહારાજ

# ....પ્રકાશકનું નિવેદન....

આ પુસ્તિકાનું પ્રકાશન કરનાર શ્રી જૈન યુવક મંડળ–લાકડીયા. (કચ્છ) આજ ચાર વર્ષથી આદર્શ ઔષધાલય, નિરાશ્રિત ખાતું, વિદ્યોત્તેજક વિભાગ, વાંચનાલય અને પુસ્તકાલય આદિ પ્રવૃત્તિઓ દ્વારા ગામની તેમજ આસપાસનાં ગામડાંઓની જાહેર જનતાની અનેકવિધ સેવા કરી રહ્યું છે.

કેટલાક સ્ત્રી પુરુષો મહાપર્વના પવિત્ર દિવસોમાં પણ ધર્મની આરાધનાને બદલે, જુગાર આદિ વ્યસનોમાં રક્ત બની, આત્માને અધોગતિના માર્ગે પ્રેરતા જોઇ આ મંડળે, પ્રખર વક્તા પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન મુનિ શ્રી કીર્તિવિજયજી મહારાજને આ વિષય પર કાંઇક લખવા વિનંતી કરી. તે વિનવણી સ્વીકારી, તેઓશ્રીએ જુગાર, ચોરી વિગેરે વ્યસનો પર પ્રકાશ પાડતું આ મહાબળકુમારનું ચરિત્ર આલેખ્યું. તે બદલ અમારૂં મંડળ એમનું ખૂબ જ આભારી છે.

આ ટૂંકી જીવનકથામાં પણ પૂ. મહારાજશ્રીએ સુંદર છણાવટ કરવા સાથે ધર્મનો સાચો રાહ બતાવ્યો છે. વાંચક વર્ગ સદ્બોધને જીવનમાં ઉતારી વ્યસનોને છોડી માનવજીવનની સાર્થકતા સાધે, એ જ એક અભિલાષા.

પ્રકાશકઃ–જૈન યુવક મંડળના મંત્રી. શા. રામજી કેશવજી કુબડીયા.

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

શ્રી આત્મ-કમલ-લબ્ધિ-લક્ષ્મણસૂરિગુરુભ્યો નમઃ

# મહાબળકુમાર.

લેખકઃ-


પરમકૃપાળુ અજોડ વ્યાખ્યાતા પૂ. પા. આચાર્યદેવ

શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના

શિષ્યરત્ન પૂ. મુનિવર્ય

**શ્રી કીર્તિવિજયજી મહારાજ.**


સહાયકઃ-

પત્રી( કચ્છ )વાળા **શા. રતનસી ચાંપસી**

તરફથી ભેટ.


પ્રથમ આવૃત્તિ. ૧૫૦૦ — દાદર, બી. બી.

વિક્રમ સંવત્. ૨૦૦૧ — મુંબઈ નં. ૧૪

પ્રકાશકઃ-

જૈન યુવક મંડળ-લાકડીયા-(કચ્છ)

પ્રાપ્તિસ્થાનઃ-

આચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વર જૈન પુસ્તકાલય

વ્ય. શા. બાબુભાઇ હેમચંદ

ઠે. અબદુલ્લા બીલ્ડીંગ, ચોથા માળે-મુંબઇ.

# સ....મ....ર્પ....ણ.

જે કૃપાસિંધુ મહાપુરૂષે સંસારસમુદ્રમાં ખૂંચતા મ્હારા આત્માનો ઉદ્ધાર કરી, અત્યુત્તમ સન્માર્ગ દર્શાવી, ઉચ્ચ કોટિનું તત્ત્વજ્ઞાન અર્પી, મ્હારા હૃદયપથ પર અનેરો પ્રકાશ પાથર્યો છે.

જેઓશ્રીની અદ્વિતીય કવિત્વશક્તિ ને વકતૃત્વ શક્તિ તો જગમશહૂર છે. જૈન શાસનના મહાન જ્યોતિર્ધર તરીકે જગત જેમને મીઠી નજરે નિહાળે છે. અને જેઓ અપ્રતિમ પ્રતિભાશાળી, પ્રૌઢપ્રતાપી, તત્વન્યાયવિભાકરાદિ અતિ વિપુલ ગ્રન્થના પ્રણેતા, સત્ય તત્વો પ્રચારવાના અણુનમ નેમધારી, તલસ્પર્શી અગાધ જ્ઞાનના ધરનારા, ને પઠન પાઠનમાં જ અવિરત રત બની, અધ્યાત્મસાગરમાં જ મગ્ન છે, જેઓશ્રીનાં ગંભીરતા, નિર્મળતા, પરોપકારપરાયણતા ને સરળતા આદિ ગુણો તો વિશ્વવિખ્યાત જ છે.

તે ગુણરત્નમહોદધિ પરમકૃપાનિધાન શ્રુતસાગર સૂરિપુરંદર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **લબ્ધિસૂરીશ્વરજી મહારાજ**ના કરકમલમાં આ નાનકડી પુસ્તિકા સાદર સમર્પું છું.

કૃપાકાંક્ષી

**કીર્તિ**ની કોટિ કોટિ વંદના.

॥ श्रीशंखेश्वरपार्श्वनाथाय नमः ॥

# મહાબળકુમાર.

અનાદિ કાળથી આ સંસારમાં અનંત આત્માઓ જન્મ-મરણની બેડીમાં જકડાઈ અનંત દુઃખને પામી રહ્યા છે. જન્મ-મરણની બેડીને તોડનાર જો કોઇ હોય તો તે એક જ કે વીતરાગ પરમાત્માભાષિત ધર્મ, બસ એ ધર્મની આરાધનાને અભાવે જ આપણી ચતુર્ગતિમાં રખડપટ્ટી ચાલુ છે. ભવભ્રમણ ટાળવાની ઇચ્છાવાળા પ્રાણીઓને-ધર્મનું શરણું સ્વીકારવું જ પડશે, અને તે ધર્મની સુંદર આરાધના માનવભવ સિવાય અન્ય કોઇ સ્થળે થઇ શકે તેમ નથી; કારણ કે-નારક જીવો નરકમાં પરમાધામીજન્ય અસહ્ય યાતનાઓ-પીડાઓને સહી રહ્યા છે. ક્ષણ પણ જ્યાં સુખ-સમાધિ નથી. કેવળ દુઃખ દુઃખ ને દુઃખ. ત્યારે દેવગતિમાં દેવો વિષયસુખમાં એવા તો લીન બનેલા છે કે ક્રોડો ને અબજો વર્ષો તો શું પણ અસંખ્યાત વર્ષો વીતી જાય તોય જેઓને ખબર નથી કે કેટલો કાળ ગયો. આમ આખુંય જીવન વિષયભોગમાં વ્યતીત કરે છે. જ્યારે તિર્યંચો અજ્ઞાન અને અવિવેકી છે. એક જ્ઞાન અને વિવેક જો હોય તો માત્ર મનુષ્યગતિમાં જ. આમ છતાં વિવેકને ભૂલી મહાપુણ્યે પ્રાપ્ત થયેલ માનવભવને આત્માઓ વ્યસનોમાં ગાળી મ્હાલી રહ્યા છે. જીવનને બરબાદ કરી રહ્યા છે. વ્યસ-

નોમાં કેવી બરબાદી થાય છે તે આપણને મહાબળકુમારના દૃષ્ટાંતથી જણાઈ આવશે.

પૃથ્વીના ભૂષણ સમા એવા આ ભરતક્ષેત્રમાં ઋદ્ધિ–સમૃદ્ધિ અને રમણીયતાથી અલકાપુરીની શોભાને પણ મહાત કરે તેવું શ્રીપુર નામનું મહાનગર હતું. જ્યાં યથાર્થ નામધારી માનમર્દન રાજા રાજ્ય શાસન ચલાવતો હતો. તે જ નગરમાં મહાબળવાન મહાબળકુમાર નામનો કુલપુત્ર પણ વસતો હતો. મહાબળકુમારના–માતા–પિતા બાલ્યાવસ્થામાં મહાબળને મૂકી યમમંદિરે સીધાવી ગયા હતા. હવે મહાબળની દેખરેખ રાખનાર કોઈ રહ્યું નહિ, જેથી તે સ્વચ્છંદી બની નિરંકુશપણે જ્યાં–ત્યાં ભમવા લાગ્યો. ધીરે ધીરે જુગારનું વ્યસન લાગ્યું. વ્યસન એવી ચીજ છે કે તે પડ્યા પછી આત્મા ભાન ભૂલી જાય છે. જે જુગટાથી નળરાજાને રાજ્ય છોડી જંગલનો રસ્તો લેવો પડ્યો, જેના પ્રતાપે પાંડવોને વર્ષોના વર્ષો વનમાં ભમવું પડયું. ભલભલા રાજા મહારાજા જેનાંથી ધ્વસ્ત થઈ ગયા. જુગારનું વ્યસન બીજા અનેક વ્યસનોને તેડી લાવે છે. વ્યસનની શરૂઆત થતાં આપણને ખ્યાલ રહેતો નથી. એમાં શું થયું ? આ તો એક રમત છે, એમ કરી ઉપેક્ષા રાખીએ છીએ. પણ જ્યારે એ ઘર ઘાલે છે ત્યારે આત્માને ઘણી જ કફોડી સ્થિતિમાં મૂકી દે છે. અફીણીયાને અફીણનું વ્યસન પડ્યા પછી અફીણ ન મળતાં તેને ટાંટીયા ઘસવા પડે છે, ચેન પડતું નથી, બીડીના વ્યસનીને બીડી કેમે ય છૂટતી નથી. પછી ભલે છાતી બળે, ખુંખું કરવું પડે, મ્હોં ગંધાય અને પૈસાનું પાણી થાય. ટટ્ટીમાં પણ બીડી વગર ન ચાલે. જુગારનું વ્યસન લાગ્યા પછી રમતાં રમતાં પૈસા ખૂટી જાય ત્યારે ચોરીની ભાવના જાગે. જ્યાં ત્યાં ચોરી કરી પરધન હરીને પણ જુગાર રમવો મૂકે નહિં. જીવને જોખમે મૂકાય. અનેક જગ્યાએ ભટકતાં પણ પછી

શાંતિ ન મળે. ઘણા માણસોને પર્વના દિવસોમાં જ જુગાર વગેરે રમવાની ઇચ્છા થાય. આમ તો જીવનમાં આપણે અનેક વ્યાપારો ખેડવામાં. આળપંપાળઅનેક જંજાળોને લીધે ધર્મારાધન કરી શકતા નથી. આપણા સદ્ભાગ્યે ધર્મારાધનના ખાસ પર્વો આવે, એવા શુભ દિવસોમાં પણ આપણે ધર્મારાધન મૂકી, સ્વફરજને ચૂકી, પાપમાં ઝૂકી, ખરેખર આપમેળે ભવસાયરમાં ડુબકી મારી રહ્યા છીએ. એ બહુ જ શોચનીય છે.

આપણે હાથે જ આપણે આપણા પગમાં કુહાડો મારી રહ્યા છીએ. પરિણામે પીડા ભોગવવી પડે ત્યારે 'આત્મા ગભરાય, પાછળથી પશ્ચાત્તાપ થાય, પણ પછી પસ્તાયે શું.

આત્મા અનંત દુઃખની ખાઇમાં ન પટકાય તે પહેલા વિચારવાની જરૂર છે. વિચાર કરવાનું કેન્દ્રસ્થાન જો કોઈ હોય તો માનવજીવન જ છે. આવા ઉચ્ચ જીવનને પામી ધર્મ કર્મને ભૂલી પાપમાં ઝુલી વ્યસનોમાં જીવનને ગાળી, ખરે એ ઉચ્ચ જીવનની પાયમાલી કરી રહ્યા છીએ. શાસ્ત્રકારો વ્યસનોનાં માંઠા ફળ બતાવતાં જણાવે છે કે—

**द्यूतं च मासं च सुरा च वेश्या, पापर्द्धिचोर्ये परदारसेवा ।**
**एतानि सप्तव्यसनानि लोके, घोरातिघोरं नरकं नयन्ति ॥**

જુગાર, માંસ, દારૂ, વેશ્યા, શિકાર, ચોરી અને પરસ્ત્રીગમન આ સાત વ્યસનો આત્માને ભયંકરમાં ભયંકર નરકોમાં ઘસડી જાય છે, માટે સમજો, વ્યસનોથી બચો, જુગારી પ્રારંભમાં નાની નાની રમતો વગર પૈસે રમે. ધીરે ધીરે પૈસાથી, રૂપીયામાં જાય, હાર થાય એટલે ડબલ રમે. આશા એવી ચીજ છે કે-હમણાં આવશે, હમણાં આવશે એમ આશાના શિખરે ચઢે એટલે હાર્યો જુગારી બમણું રમે, એ કહેવતને સિદ્ધ કરી બતાવે છે. છેવટે ઘરના નળીયા વેચવાનો વખત આવે, પહેરે

કપડે ઘરથી બહાર નીકળી જંગલોમાં ભટકવું પડે, ત્યારે આંખ ઉઘડે કે હોં, હું જુગાર ન રમ્યો હોત તો ઠીક, મેં ઠીક ન કર્યું; પણ રાંડ્યા પછીનું ડહાપણ શા કામનું ? પિતાની લક્ષ્મી બરબાદ કરી, હવે ફૂટી કોડી રહી નથી, જેથી બીજા જુગારીઆઓ તેની સાથે જુગાર રમતા નથી. ને મહાબળને રમ્યા વગર ચાલે તેમ નથી. ત્યારે થાય શું ? બુદ્ધિ બગડી, ગમે તેમ કરી પૈસા મેળવી રમવું એ સાચું. આ ભાવનાએ એના હૃદયમાં ચોરીનું મહાપાપ આચરવાની ભાવના ઉત્પન્ન કરી. વ્યસનો આત્માને કયારે અને કયાં પટકશે તે કહી શકાય નહિ. એ જુગારે ઘરબાર છોડાવ્યા, ધન માલ મીલ્કત ફના કર્યાં, ભરબજારે ઈજ્જતને લીલામ કરી. નીચું મુખ જોઈ શ્યામ વદને જ્યાં ત્યાં ગોથા ખવડાવ્યા. બેહાલ ને કંગાલ જો કોઇ કરાવે તો આ જુગાર છે.

મહાબળમાં કાંઇક યોગ્યતા હતી, જેથી વિચાર કરે છે. કે ચોરી એવે સ્થળે કરવી કે જેને ત્યાં હું ચોરી કરું તેને હરકત ન આવવી જોઇએ. આ જ શ્રીપુરનગરમાં શ્રીદત્ત નામનો મહાધનાઢ્ય વસે છે તેને ત્યાં ચોરી કરીશ તો વાંધો નહિ, કારણ તેને ત્યાં લાખોની મીલકત છે, ત્યાંથી થોડા ઉઠાવીશું તો આ શેઠ કાંઇ બહુ દુ:ખી નહિ થાય. આમ વિચારી મધ્ય રાત્રિએ અંધારપટ સર્વત્ર જે સમયે છવાઈ રહ્યો છે, ચોમેર અંધકારનું સામ્રાજ્ય પ્રસરી રહ્યું છે, કોઇ કોઈને દેખી શકતું નથી. તેવા સમયે, શ્રીદત્ત શેઠના આંગણે મહાબળ જઇ ચઢ્યો. મકાનના કાણામાંથી–બાકોરામાંથી અંદરના ભાગમાં નજર નાંખતા તેના હૃદયમાં કાંઇક આશ્ચર્ય ઉત્પન્ન થાય તેવું જોવામાં આવ્યું. તે તો ત્યાંજ સ્થગિત થઇ ગયો. સાશ્ચર્ય અંદર નિહાળે છે. અરે આ શું ? કેવી અજબ ઘટના. બનાવ એ બની રહ્યો હતો, કે શેઠ પોતાના વ્હાલા પુત્રને જોરશોરથી ભ્રકુટી

ચઢાવી ધમધમાવી રહ્યો હતો. લગભગ મધ્યરાત્રિ વીતી ગઈ હતી. પિતા પુત્રને કહે છે–અલ્યા, મેળ કેમ મળતો નથી ? મેળ મેળવ, કલાકોના કલાકો વીતી ગયા પણ હિસાબ મળ્યો નહિ. ભૂલ કાંઇ હજાર પાંચ હજારની ન હતી.

ફક્ત એક જ પૈસાની, તેમાં આ શેઠનો મિજાજ બગડ્યો. વાહ ! બસ એક પૈસા માટે લક્ષાધિપતિ આ શેઠ પોતાના પુત્રને મોડી રાતે ધમકાવે. એક પૈસા માટે ઉજાગરો ! વાહવાહ મહાબળે વિચાર્યું.

મહાબળ તો આભો જ બની ગયો. અરે જેને ત્યાં હજારોની ચોરી કરવા આવ્યો છું ત્યાં એક પૈસા માટે શેઠ બિચારા છોકરાનું તેલ કાઢી નાંખે છે અગર જો હું અહીં ચોરી કરીશ તો ન જાણે આ શેઠના શા હાલ થશે, ડાગળી ફાટી જશે, માટે ચાલ ચાલ અહીંઆ ચોરી નથી કરવી. આમ વિચારતો મહાબળ કુમાર ત્યાંથી પ્રસાર થયો.

જ્યાં કામસેના વેશ્યા વસતી હતી, જેની પાસે અખૂટ લક્ષ્મી છે. રાજા–મહારાજા વેશ્યા પર પ્રસન્ન થઈ જેને હજારો રૂપિયા અર્પણ કરે છે. એ કામસેના વેશ્યાને ત્યાં જ જવું ઉચિત છે તેમ ધારી ત્યાં પહોંચ્યો. ત્યાં પણ એક ઝાળી હતી. જે ઝાળીમાં નજર ફેંકી. ફેંકતા જ તે તો ચકિત જ થઇ ગયો. આશ્ચર્યમાં ગરકાવ કરે તેવી બીના તો એ હતી કે દુર્ગંધમય ખરાબ જેનું અંગ છે એવા એક કોઢીયાને મહારૂપાળી વૈભવવાળી કામસેના પોતાના હાથે સ્નાન કરાવે છે. અને ખૂબ ચોળી ચોળીને નવરાવતી હતી. આ જોતાં જ મહાબળના મનમાં એમ થયું કે અહીં પણ ચોરી કરવા જેવી નથી; કારણ કે આ વેશ્યા થોડા પૈસાના લોભે દુર્ગંધવાળા મહારોગી એવા કોઢીયાની સેવા કરે છે. તેવી આ વારાઙ્ગના–વેશ્યાને ત્યાં જો ચોરી કરીશ

તો બિચારીની છાતી ફાટી જશે. ત્યાંથી પણ નીકળ્યો. છેવટે નિર્ણય કર્યો કે જ્યાં ત્યાં ભટકવાની જરૂર નથી. અઢળક લક્ષ્મીના ભંડારો જ્યાં ભરેલા છે એવા રાજમહેલમાં જ કાં ન જવું? રાજાના ખજાનામાં કંઇ ખોટ પડવાની નથી. સત્વર મહાબળકુમાર ચોરના લેબાશમાં રાજમંદિરે પ્રવેશ કરે છે. ખાતર પાડીને જે સ્થાનમાં સુખપૂર્વક રાજારાણી સુખશય્યામાં પોઢેલા છે તે જ સ્થાને પહોંચી ગયો. પલંગ પર ગાઢ નિદ્રામાં રાજા રાણીને સૂતેલા જોઇ મહાબળને અતુલ આનંદ થયો. વિચારે છે કે ઠીક અવસર સાંપડ્યો છે. હજી મ્હારા ભાગ્ય જાગતા છે. ચિન્તામણી રત્ન સમ સર્વ ઈષ્ટફળ આપનાર આ રાજવી આજ મ્હારા હાથમાં આવ્યો. પાપીઓ પાપના સાધન સાંપડતાં ખૂબ ખુશ થાય છે, પણ એમ નથી સમજતાં કે–આ કારમા પાપોનો બદલો જ્યારે મળશે ત્યારે હસતાં બાંધેલા કર્મો રોતા રોતા પણ નહિ છૂટે, પછી માથું કુટે વળવાનું નથી. આ ભાન મહાબળને ક્યાંથી હોય? અત્યારે તો મહાબળના આનંદનો પાર ન હતો. આસપાસ નિહાળતાં ઝગમગતા મહામૂલા અલંકારોથી ભરપૂર એવી એક રત્નની પેટી તેની નજરે ચઢી. પેટી લેવાની તાલાવેલી લાગી છે. ત્યાં તો એક વિચિત્ર ઘટના બની. જે ઘટનાએ મહાબળને આશ્ચર્યસાગરમાં ગળાડુબ ડુબાડ્યો.

બનાવ એ બન્યો કે દરવાજાના કાણામાંથી પ્રવેશતો એક મહાભયંકર ભુજંગ તેણે જોયો. અરે! આ સાપ અહીં ક્યાંથી? આવીને શું કરશે? એમ વિસ્મિત બની મહાબળ તો એક બાજુ ચુપચાપ ઊભો રહ્યો. સર્પ તો જે પલંગ ઉપર રાણી સૂતી હતી તે જ પલંગ પર રાણીની લટકતી વેણીના સહારે ચઢ્યો. સૂતેલી રાણીના કપાળ અને હાથમાં એમ બે સ્થળે જોરથી ડંખ મારી સર્પ જેવો આવ્યો હતો તેવો જ સીધો સીધાવી ગયો. મહાબળને

તો અનેરૂં કૌતુક લાગ્યું. રત્નની પેટી પેટીના ઠેકાણે, આવ્યો ચોરી કરવા. રતનના દાબડાને પણ પડતો મૂકી ભુજંગની પાછળ પાછળ નિઃશબ્દ યાને મૌનપણે મહાબળ દોડી ગયો.

સર્પ તો ભીંતના સહારે નીચે ઉતર્યો. ઉતરતા ઉતરતાં તો વળી જુદો જ રંગ મચ્યો. જે દૃશ્ય મહાબળને ખૂબ જ વિસ્મય પમાડે તેવું હતું. સર્પ, સર્પ મટી મહાપુષ્ટ કાયવાળો બળદ બન્યો. એ સર્પે બળદનું રૂપ તો લીધું પરંતુ ભયંકર દૃશ્ય તો પાછું બીજુ જ બન્યું. રાજમંદિરનો દ્વારપાળ સશસ્ત્ર જાગૃત દશામાં રાજમહેલની રક્ષામાં અપ્રમાદી હતો. તે દ્વારપાળને બળદે ઉછાળ્યો. ઉછાળીને પગ નીચે કચડી ઘાલ્યો. મહાબળ આ બધુંય વિસ્મિત વદને નિહાળે છે. મહાસાહસિક એ મહાબળે તો હવે પોતાના સત્વનું પ્રદર્શન કરવા માંડયું. દોડતાવેંત જ પાછળથી બળદનું પુંછડું પકડયું, ખૂબ જોરથી નિડરપણે પકડીને મહાબળ બળદને પૂછે છે—અરે તું કોણ છે ઘડીમાં સર્પ, ઘડીમાં બળદ, ઘડીમાં રાણીનો સંહારક બને છે. ઘડીમાં દ્વારપાળને ચગદી નાંખ્યો. અરે આ બન્નેને શા માટે તેં માર્યા, અને હવે શું કરવા મથે છે ? આ પ્રમાણે જ્યારે મહાબળે કહ્યું ત્યારે બળદ મનુષ્યની ભાષામાં બોલ્યો—હે કુમાર ! જરા સાંભળ. હું નાગકુમાર જાતિનો દેવ છું. પટરાણી, ને દ્વારપાળ બન્ને ય મારા પૂર્વભવના વૈરી છે. વૈરની વસુલાત કરવા આવ્યો હતો. વૈરની વસુલાત કરી બન્નેયને યમને શરણ કર્યાં.

જુઓ સજ્જનો, એક ભવમાં કરેલાં વૈરવિરોધો જન્માન્તરોમાં કેવા માઠાં ફળ આપે છે ? બીજા જન્મમાં પણ શત્રુઓ બદલો લીધા વગર છોડતા નથી, માટે કોઇની સાથે વૈરવિરોધ કરતાં આત્માને અટકાવો. કોઇના બુરામાં, કોઈના વિરોધમાં કે કોઇની ઇર્ષ્યા કે નિંદામાં આપણું શ્રેય નથી નથી ને નથી.

ભલે આપણે અત્યારે સબળ હોઇયે, આપણું ચાલે એટલે બિચારા નિર્બળોનો સંહાર કરીએ, ત્રાસ આપીએ. એ એક જાતની રાક્ષસીય વૃત્તિ છે. આપણી આ પાશવી વૃત્તિ અને પ્રવૃત્તિઓ જો હજુ ય ચાલુ રહી તો ક્યારે આ પાપકર્મો અચાનક આપણા પર ત્રાપ મારશે, એક યા બે વરસ નહીં.હજારો કે લાખ્ખો વર્ષો નહીં પણ અસંખ્યાત વર્ષો સુધી આ ઘોર પાપો આપણને દુઃખી કરશે. એ વૈર વિરોધોનાં કારમાં ફળો આ આત્માને જ ચાખવા પડશે, આવાં ઘોર દુઃખો આપણા માટે ન સર્જાય તે પહેલાં જ આત્માને ચેતાવી દેજો.

અહીં મહાબળ પ્રસંગવશ બળદ સ્વરૂપ એ દેવને પૂછવા લાગ્યો કે–હે દેવ, ત્યારે–મારૂં મરણ ક્યારે અને 'કોનાથી થશે તે તું શીઘ્ર કહે. અરે ભદ્ર ! આવું અપ્રિય વચન ન ઉચ્ચાર ! એમ દેવ બોલ્યો. મહાબળે આગ્રહ કર્યો ત્યારે દેવે કહ્યું કે–હે મહાબળ ! આ જ નગરના રાજમાર્ગ પર એક મહાન વડવૃક્ષ છે. તે જ વડવૃક્ષની શાખામાં લટકીને ત્હારૂં મૃત્યુ થશે.

તમારૂં કથન તથ્ય છે તથાપિ વિશ્વાસની ખાતર કાંઇક નિશાની બતાવ, જેથી મને નિશ્ચય થાય કે આ વાત સાચી જ છે. આ પ્રમાણે જ્યારે મહાબળે કહ્યું. ત્યારે દેવે જણાવ્યું કે-કાલે જ બપોરના બાર વાગ્યાના સુમારે રાજમહેલના શિખર પરથી કામ કરનાર કડીયો પડીને મરી જશે. જો આ વાત સાચી પડે તો ત્હારી વાત પણ તથ્ય છે, એમ સમજી લેજે.

મરણની વાત સાંભળતાં વેંત જ કોનાં હાંજા ન ગગડે ? ભલભલાને મહાભીતિ ઉપજાવનાર જો કોઇ હોય તો મરણ જ છે.

મહાબળે બળદનું પુંછડું મૂકી દીધું. દેવ પણ તત્ક્ષણ અદૃશ્ય થઇ ગયો. મહાબળ કડીયાના મૃત્યુની રાહ જોઇ જ રહ્યો હતો. સમયને જતાં વાર ન લાગી. બીજા દિવસના બપો-

રના બાર વાગ્યા, કડીયો રાજમહેલના શિખર પરથી પડ્યો ને મૃત્યુ વશ બન્યો. બસ આ બનાવ જોતાં જ હવે મહાબળની હિમ્મત ન રહી. મરણને શરણ તો કડીયો થયો પણ ગભરાયો મહાબળ.

ગભરાવાનું કારણ તો ભાવિ મૃત્યુ જ હતું. દેવવાણી તથ્ય જ છે, વૃથા નથી. બસ આ જ વ્યથાથી વિહ્વલ બની ગયેલા મહાબળને હવે ખાવું ને પીવું, ઉઠવું ને બેસવું કંઇ જ રૂચતું નથી, માટે જ મહર્ષિઓએ ફરમાવ્યું છે કે–

**पंथसमा नत्थि जरा दारिद्रसमो पराभवो नत्थि।**
**मरणसमं नत्थि भयं खुहासमा वेयणा नत्थि ॥**

મુસાફરી બરાબર જરા અવસ્થા નથી, વધુ પગ–મુસાફરી કરવાથી વૃદ્ધાવસ્થા જલ્દી આવે છે. ગરીબાઇ સમ કોઇ પરાભવ નથી તેમજ ક્ષુધા–ભૂખ સમાન બીજી વેદના નથી તેવી જ રીતે મરણથી બીજા કોઇ મહાભય નથી.

**मृत्योर्बिभ्यति ते बाला ये स्युः सुकृतवर्जिताः ।**
**पुण्यवन्तो नराः सर्वे मृत्युं प्रियतमातिथिम् ॥**

પરંતુ મૃત્યુથી તે જ અજ્ઞાનીઓ ડરે છે કે જેઓ ધર્મકાર્યોથી હંમેશાં વેગળા છે. જેને ધર્મારાધન, સત્કર્મ, સુપાત્ર દાન, જીવરક્ષા તથા સદાચારમાં જીવન વીતાવ્યું છે. એવા પુણ્ય પુરૂષોને મૃત્યુનો ભય સરખો ય હોતો નથી બલ્કે મૃત્યુને પોતાના પ્રિય–અતિથિ–મ્હેમાન માની સ્વાગત કરે છે.

ઉમર ખયામ કવિ કહે છે કે—

પ્રાણ જાવે દેહ તજકે આજ હી યા કલ ભલે,
ન મુજકો દોષ દો કોઇ કિ થા ડરપોક મરનેકા;

વીતાયા હૈ સદા મૈંને સુજીવન નામ પાનેમેં,
વહી મરને સે ડરતા હૈ જો પાપી યા અધર્મી હૈ.

મરણુનો ડર કોને હોય? જેણે આત્મસાધન નથી કર્યું. જે પરના હિતમાં ઊભો રહ્યો નથી. સદાચારમાં જીવન વીતાવ્યું નથી. ઇર્ષ્યા ને દ્વેષમાં, કલેશ ને કંકાસમાં, હિંસાને ચોરીમાં, જૂઠ ને પ્રપંચમાં, લોભ ને દુરાચારમાં આખી જિંદગી જેણે ફના કરી છે તે જ મરણુથી ડરે છે. હા હવે શું થશે? કઇ ગતિમાં જઇશ? એમ અધર્મીઓને જ ગભરાવું પડે છે.

મહાબળ હવે સ્તબ્ધ થઈ ગયો કયાં જઉં! કયાં ભાગું? હવે મારી આ નજરથી વડવૃક્ષની શાખા ખસી જાય, એવી રીતે ચાલ્યો જાઉં. આમ વિચારી ત્યાંથી ભાગ્યો. તે જ નગરના સમીપમાં એક વન હતું. જયાં એક તાપસ કેટલાક સમયથી તપ તપી રહ્યો હતો. તેની નજીક આવી મહાબળે તેની પાસે સંન્યસ્ત વેશ ગ્રહણ કર્યો. હવે મહાબળ એક સંન્યાસી થયો. કાંઈક શાંતિ થઈ. ગુરૂના કાળ કર્યા બાદ ત્યાં જ સમય વીતાવ્યો બધાવિઘ્નોને શમાવવા માટે તેણે તીવ્ર તપ તપવો પ્રારંભ્યો.

વૈરાગ્યરસમંજરીમાં કહ્યું છે કે—

**तपस्त्रिविष्टपे पूज्यं तपसाऽऽवर्जिताः सुराः ।**
**सर्वेऽपि किङ्करायन्ते तत् तपो भो विधीयताम् ॥**

જે તપ ત્રૈલોકયમાં પૂજનીય છે, અને જેના વશથી સર્વે દેવો પણ ચાકર જેવા થઈ જાય છે તેવા તપને હે ભવ્યો! આદરો.

પણ મિથ્યાદૃષ્ટિના તપમાં ને સમ્યગ્દૃષ્ટિના તપમાં ઘણો જ તફાવત છે. મિથ્યાદૃષ્ટિનાં હજારો વર્ષોના તપ કરતાં સમકિત-દૃષ્ટિનો થોડો પણ તપ વધી જાય છે. સંન્યાસી મહાબળ

ધ્યાનમાં ખૂબજ મગ્ન બન્યો, અત્યારે એને કોઈ જાતનું વિઘ્ન નથી, શાંતિથી જીવન પસાર કરી રહ્યો છે.

આ તરફ રાજદરબારમાં એક ચોર ચોરી કરી રત્નની પેટી ઉપાડી રાજમહેલમાંથી નીકળે છે. રાજપુરુષોને ખબર થતાં જ તેઓ ચોરની પુંઠે પુંઠે દોડવા લાગ્યા. ચોર આગળ ને રાજપુરૂષો પાછળ. ચોર જાણી ગયો કે રાજપુરૂષો પાછળ પડ્યા છે. હવે હું પકડાઈ જઇશ, એ ધાસ્તીથી બેબાકળો બનેલો ચોર, દોડતાં દોડતાં જયાં મહાબળકુમાર સંન્યાસી તપ તપે છે ત્યાં જ આવી પહોંચ્યો. ચોરે વિચાર્યું કે રત્નની પેટી જો મારી પાસે રહેશે તો આ રાજપુરૂષો મને છોડશે નહિ, માટે આ રત્નની પેટી આ સંન્યાસી સમીપ મૂકી દઉં, એમ વિચારી પેટી સંન્યાસીની પાસે જ પડતી મૂકી અને ચોર આડાઅવળો છુપાઈ ગયો.

મહાબળકુમાર રત્નનો ડાબડો જોઇ ખૂબ હર્ષિત થાય છે અને નાચે છે. મ્હારા પુણ્ય હજુ સતે જ છે. દેવે પ્રસન્ન થઈ મારા માટે રત્નની પેટી મોકલી, એમ આનંદિત બનેલા મહાબળે પેટીને સ્પર્શી. હર્ષઘેલે હૈયડે પેટી ખોલી. ત્યાં તો રાજપુરૂષો ચોરની તપાસમાં સવેગ ત્યાં પહોંચી ગયા.

રત્નની પેટી રાજપુરૂષોએ આ સંન્યાસી પાસે નિરખી. એ તો દિંગજ થઈ ગયા. અરે આ સાધુના વેશમાં ચોરી અને તે પણ રાજદરબારમાં.

મારો મારો, પકડો પકડો, કરતાં સીપાઇઓ મહાબળની ચોમેર વીંટાઈ ગયા. હવે એમને આગળ જવાની જરૂર નથી. ચોરીનો માલ જ અહીં છે. જેની પાસે માલ હોય તે જ ચોર, માટે આ જ ચોર છે. એમ ધારી પકડ્યો. અરે પાપિયા તેં આ શું કર્યું એમ બોલી કોઇ તો લાકડીથી કોઇ મુક્કીથી મહાબળના ઉપર પ્રહાર કરી રહ્યા છે.

કર્મોની કેવી વિચિત્ર લીલા છે. અણધાર્યું એક ક્ષણમાં કેવું પરિવર્તન કરી નાંખે છે ક્ષણમાં હર્ષ ને ક્ષણમાં વિષાદ, આમ મહાબળે ચિન્તવ્યું.મહાબળને દેવવાણી સ્મૃતિપથમાં આવી.

રાજપુરૂષો દોરડાથી બાંધી મહાબલને મહારાજાની નિકટ હાજર કરે છે. મહારાજા તો જોઇને છક્જ થઇ ગયો. અરે સાધુના વેશમાં સેતાનીયત. રાજા ક્રોધાગ્નિથી ભભૂકી બોલી ઉઠ્યો.

**रक्ष्यते न भूपालैः न दैवैर्न च दानवैः ।**
**नीयते वटशाखायां कर्मणाऽसौ महाबलः ॥**

કાંઇક સંસ્કૃત ભણેલા મહાબળે તો શ્લોકનું પઠનં શરૂ કર્યું. પુનઃ પુનઃ આ શ્લોક બોલે જાય છે. ક્રૂર રાજપુરૂષો ભ્રકુટી ચઢાવી તેને બોલતાં વારે છે, છતાં ય મહાબળે તો શ્લોક બોલવાનું કાર્ય ચાલુ રાખ્યું.

અરે ત્હારો સુંદર સાધુવેષ, અને આવું અકારૂં ચૌર્ય કર્મ, ત્હારે માટે તો અઘટિત છે. આમ મહારાજાએ મહાબળને કહ્યું.

હે રાજન! બધું જ ઘટી શકે છે. વિચિત્ર એવા દૈવ-કર્મને માટે કશું જ અઘટિત નથી. મહાબળે જવાબ વાળ્યો.

કર્મની લીલા વિચિત્ર છે. ક્ષણમાં રાજસિંહાસન પર બેસાડે છે ઘડીમાં એ જ મહારાજવીને ભીખ માંગતો કરે છે. કર્મબળે મહાબળવાન ને નિરોગીની પણ કાયાનો પલટો થતાં વાર નથી લાગતી, બલિષ્ઠ પણ અનેક રોગોથી ઘેરાઇ જાય છે. પલક હસાવે છે ને પલકમાં રડાવે છે. પલકમાં રંકને રાય, મિનિટમાં દુઃખ ને મિનિટમાં સુખ આ બધી કર્મની લીલા છે.

મહાબળ તો—" **रक्षते न भूपालैः** " એ શ્લોક ઉચ્ચારે છે. આશ્ચર્યમુગ્ધ બનેલા રાજવીએ, તેની વાણી સાંભળી, બાંધેલા

બંધનો છોડાવી દીધા. અભયદાન આપી નિર્ભય કર્યો, અને પૂછ્યું કે—

અરે તે વડ કયું તે શાખા કઇ અને કોણ છે એ મહાબળ?

મહાબળે પ્રારંભથી અંત સુધી એટલે અત્યાર સુધીની સઘળી યે હકીકત કહી સંભળાવતાં જણાવ્યું કે-હે રાજન્! તમારા મહેલમાં દેવનું સાપરૂપે આવવું, આપની પટરાણીનું તેનાથી થયેલ મૃત્યુ ત્યારપછી બળદરૂપે થઈ દેવે દ્વારપાળના લીધેલા પ્રાણ. અને પોતાનું વડવૃક્ષની શાખામાં લટકીને મૃત્યુ થવાનું સઘળું ય વૃત્તાંત કહી સંભળાવ્યું.

મહાબળે કથન કરેલ વૃત્તાંત કર્ણગોચર કરી રાજા લાલચોળ થઇ ગયો, ભ્રકુટી ચઢાવી દાંત પીસવા લાગ્યો, અને બોલી ઉઠ્યો કોણ એ દેવ, મારી રાણીનો ઘાતક, અરે દેવ તેં મારી અજાણ દશામાં અહીં આવી અપકૃત્ય કર્યું. તેમાં હે દેવ! તું ત્હારી આવી શોન વૃત્તિથી ગર્વિષ્ઠ ન થા, દેવને ઉદ્દેશી રાજા બોલ્યો.

આવ હવે કેવો આવે છે, હું ખુલ્લી તલવારે આ મહાબળનું રક્ષણ કરૂં છું. જોઉં હવે ત્હારી વીરતા, આવી જા, મહાબળને ગ્રહણ કરે તો તો હું જાણું કે તું એક મહાન સુભટ છે.

છેવટે મહાબળનું ખૂબ સન્માન કરી સ્વપુત્ર તરીકે પોતાના મહેલમાં જ રાખે છે. અને તેનું રક્ષણ રાજા પોતેજ કરે છે.

અરે મહાબળ! તું નિર્ભય થા, દેવના મસ્તક પર પગ મૂકીને સ્વેચ્છાથી ક્રીડા કર, દેવની તર્જના કરતો નૃપતિ બોલી ઉઠ્યો. દિવસ ને રાત સુખપૂર્વક રાજભવનમાં મહાબળના વ્યતીત થઈ રહ્યા છે. પરંતુ એક વાત એના હૃદયમાં શલ્યની જેમ

ખૂંચે છે. શલ્યરૂપ તો પેલી શાખા જ હતી, જે શાખાથી મૃત્યુ થનાર છે તે શાખા યાદ જ આવ્યા કરે છે. એક વખત મહાબળે નૃપતિને વિનતી કરી કે મહારાજ ! હે નરેન્દ્ર ! તમે મ્હારા પર પ્રસન્ન હો તો મને દૂર દેશ મોકલો જેથી દૃષ્ટિવિષ સર્પ સમી ભાસતી આ શાખા મ્હારી નજરથી અળગી થાય.

અરે વત્સ ! તું ન ડર.

અરે એ દેવ કિંકર ! મ્હારી ભુજા રૂપ પાંજરામાં રહેલા તને શું કરવાનો છે. હું પણ જરા જોઉં તો ખરો. તું નિઃશંક થા, પ્રિય ભોગોને ભોગવ.

નરેન્દ્રે આટોપપૂર્વક કથન કર્યું.

મહાબળ કાંઈક શાંત થયો. રાજવીની નિશ્રામાં આમ કેટલોક કાળ વ્યતીત થયો.

એક સમયે સુંદર શણગાર સજેલા છે. કંઠમાં મોતીની માળા અને સોનાની કંઠી પહેરેલી છે. ખૂબ અલંકાર યુક્ત અશ્વારૂઢ થઇ રાજાની સાથે જ સપરિવાર મહાબલ રયવાડીયે ચઢે છે.

રસ્તામાં જતાં જતાં રાણીને કંઇ કામ આવી પડયું જેથી મહાબળને રાજદરબારમાં પાછો મોકલ્યો.

મહાબળ રાજમહેલમાંથી વિના વિલંબે કાર્ય સાધી પાછો વળે છે. જેમ બને તેમ ત્વરાએ રાજાદિ પરિવારને પહોંચી વળવા અશ્વારૂઢ થયેલો મહાબળ અતિવેગથી નીકળી પડ્યો.

અત્યારે એને ખ્યાલ નથી કે–વચમાં પેલી વડ વૃક્ષની ડાળી આવશે ને હું આજે જ યમમંદિરે પહોંચીશ. ઘોડો સવેગ દોડે છે. અતિત્વરાએ દોડતા દોડતાં વડ વૃક્ષ નીચે ઘોડો

પહોંચી ગયો. વડ જોતાં જ મહાબળનું હૃદય કંપી ઉઠયું ગભરાયો. મૃત્યુના ભયથી વિહ્વલ બનેલા મહાબળે ઘોડાને ચાબુક મારી આગળ દોડાવ્યો,

ઘોડાના વધુ દોડવાથી મહાબળના કંઠમાં રહેલી સોનાની કંઠી ઉછળી. ઉછળતાં જ એજ વડ વૃક્ષની શાખામાં કંઠી ફસાઇ. ફસાતાં જ ઘોડો તો નીચેથી પ્રસાર થઈ ગયો, ને મહાબળ લટકી પડ્યો. કંઠીનું દબાણુ ગળામાં થવાથી તરત જ મહાબળના પ્રાણુ ચાલ્યા ગયા. લોકો આ બનાવ દૂરથી દેખતા વેંત જ દોડી આવ્યા તે પહેલાં જ મહાબળ તો કાળ શિકારીના હાથમાં ફસાઇ ગયો હતો.

**अवश्यं भाविभावनां प्रतिकारो भवेद्यदि तदा वनं न गच्छेयुः नलरामयुद्धिष्ठिराः** ભાવિભાવને અન્યથા કરવાની કોઇની તાકાત નથી.

જે સોનાની સાંકળ જોઈ જોઈ નાચતો હતો તે જ કંઠીએ આજે મહાબળના પ્રાણુ લીધા.

જે સ્ત્રીઓના પ્રેમમાં પડી જીંદગી ગુમાવીએ છીએ તેજ સ્ત્રીઓ સ્વાર્થ ન સધાતાં પતિને ઝેર આપે છે, જે પુત્રો માટે હજારોની લક્ષ્મી અનીતિ ને પ્રપંચો કરી ભેગી કરીએ છીએ, એ જ છોકરાઓ આપણા સામા થાય, કોરટે ચઢે, વખત આવે તો પ્રાણુ પણુ હરી લે છે. જેને મારા માનીએ તે જ દુશ્મનની ગરજ સારે છે. ખરેખર આ સંસારમાં કોઇ શરણુરૂપ નથી, કોઈ બચાવનાર નથી, આ બધી મોહમાયાની અનેરી બીછાવેલી જાળ છે તેમાં ભોળા માનવ પંખીડા ફસાઇ સર્વસ્વ હારી જાય છે.

મહાબળના મરણુ સમાચારની રાજાને સેવકો દ્વારા ખબર પડી. રાજા ઘણો વિલાપ કરે છે. અરે વત્સ! ત્હારૂં શું થયું? અરે આ વડના ઝાડને મેં મૂળથી કાં ન કાપી નંખાવ્યો. અરે

વત્સ દૂર દેશમાં જવાની ત્હારી વિનતીને મેં ન ગણકારી, અરે આ ઓચિંતું શું બન્યું ? અરે આ દૈવે મને ઠગ્યો, હું નાથ રૂપ હોવા છતાં શસ્ત્રોને અસ્ત્રો હોવા છતાં અનાથની જેમ ત્હારી આ દુર્દશા થઇ. અરે મ્હારૂં અભિમાન કયાં ગયું ? મારૂં નાથપણું કયાં ગયું.

મ્હારો એ ગર્વ કયાં ગયો ? કે બસ હું જ દુનિયાને સુખી કરૂં છું. હુ જ દુઃખી કરૂં છું. હું જ ગુણવાન, બળવાન ને બુદ્ધિવાન છું. એ મ્હારૂં અભિમાન આજે ગળી ગયું.

અરે આ દૈવે કેવળ મ્હારી રાણીને જ ન હણી કિંતુ મારા આ પુત્રને પણ નિર્દયપણે હણી નાંખ્યો, મને હેરાન પરેશાન કરી નાંખ્યો. કરુણસ્વરે રાજા આમ વિલાપ કરે છે.

ગદ્‌ગદ્‌ સ્વરે વિલાપ કરતાં રાજા આગળ વધ્યો. વાસ્તવિક જ્ઞાન થયું, અરે વિધિ વળી કોણ છે. દૈવ વળી શું કરી શકે છે. બસ જીવ જ પોતાના શુભાશુભ કર્મબળે સુખી અને દુઃખી થાય છે. પોતે કરેલા કર્મો પોતાને જ ભોગવવાં પડે છે.

**न अन्तरिक्खे न समुद्दमज्जे न पव्वतानं विवरंपविरस्स ।**
**न विज्जति सो जगति प्पदेसो यत्थट्ठितो मुञ्चेऽय्य पापकम्मा ।।**

અંતરિક્ષમાં જાવો કે સમુદ્રમાં ડુબકી મારો, કે પર્વતની ગુફામાં ભરાઇને રહો તો પણ જગતની અંદર એવો કોઈ પ્રદેશ નથી કે જયાં આગળ પાપકર્મનું ફળ તમારે ભોગવવું ન પડે. પૂર્વકૃત કર્મો અવશ્ય રોતા યા હસતા ભોગવ્યા સિવાય છૂટકો નથી. જયારે હાથે જ કર્મો કર્યાં છે, પછી હાય વોય તેમજ રડવું ને કકળવું શા માટે ?

માટે ચેતન શુભ કર્મ કરવામાં પ્રવૃત્ત થા. આમ સ્વયં નૃપતિ પોતાના આત્માને સંબોધે છે.

આ તરફ મંત્રીઓ મહાબળના શરીરને ચંદનના લાકડાથી અગ્નિસંસ્કાર કરાવે છે.

જે દિવસથી મહાબળકુમારનો વિયોગ થયો, ત્યારથી રાજા ગમગીન બની ગયો. લજ્જિત થઇ બધી ક્રીડાઓને પડતી મૂકી, નિર્વિણ્ણ મને પોતાના મહેલમાં જ હવે રહે છે.

એક વેળા નન્દન નામના મહાવનમાં બે ચારણમુનિઓ પધાર્યા. મહારાજા મંત્રી આદિ પરિવાર સાથે મહામુનિઓને વંદનાર્થે જાય છે. કરુણાસિંધુ મુનિપુંગવોના દર્શન-વન્દન કરી આનંદિત થયેલ રાજા યથાસ્થાને બેઠો. ગુરૂ મ્હારાજે પૃથ્વીપતિના ભાવને જાણી અવસરોચિત અમોઘ દેશના આપવી પ્રારંભી.

હે ભવ્યો ! જીવ પોતે જ પોતાના કર્મે સુખી દુઃખી થાય છે, જેથી સુખના અર્થીને દુઃખનાં દ્વેષી આત્માઓએ શુભ કર્મનો સંચય કરવો જોઇએ. ધર્મ કરવામાં આળસ કે પ્રમાદ સેવવો નહિ કારણ કે કયારે આપણે ફના થઇશું, કાળ શિકારી કયારે પોતાના ફંદામાં ફસાવશે, અચાનક આવીને ઉપાડી જશે. એ કાળ રાત કે દિવસ નહિ જુવે. બાળક છે કે વૃદ્ધ છે. યુવાન છે કે ગર્ભમાં છે. ગમે તેવી અવસ્થામાં-એ ઉપાડી જશે તે સમયે આપણું કોઇ રક્ષણ નહિ કરી શકે. દીનવદને બધું ય પડતું મૂકી આત્માને એકલા ચાલ્યા જવું પડશે.

**पिता माता भ्राता प्रिय सहचरी सुनुनिवहः,**<br>
**सुहृद्स्वामी माद्यन्करि भटरथाश्व परिकरः ।**<br>
**निमज्जन्तं जन्तुं नरककुहरे रक्षितुमलं**<br>
**गुरोर्धर्माधर्म प्रकटनपरात् कोऽपि न परः ॥**

પિતા કે માતા, પુત્ર, કલત્ર કે મિત્રો સ્વામી કે સેવક, કોઇ આપણને બચાવનાર નથી. ભલે લાખો ઘોડાઓ કે હજારો હાથીઓ ઝુલતા હોય, લાખો રથ કે ક્રોડો પાયદળ હોય તેમાંની એકપણ વ્યક્તિ આપણું રક્ષણ નહિ કરી શકે, કોઇ જડી-બુટી, મંત્ર કે તંત્ર અંતકાળે કશું ય કામ આવતું નથી.

જે ચક્રવર્ત્તીઓના ૧૬ સોળ હજાર દેવો યક્ષો સેવા કરનારા હતા. છતાં યમને શરણે જવું પડયું, કોઈ બચાવી શકયું નહિ. ભુજાબળે ક્રોડોને ભોંય ભેગા કરનારા નવનિધાનના ધણી ચૌદ રત્નોના માલીક બડેજાવ મહેરબાન ખમાખમાની બાંગો જેને માટે અહર્નિશ બંદીજનો પોકારતા, તેઓ પણ ચાલ્યા ગયા, તો આપણું ગજું શું ? રક્ષણકાર જો કોઇ હોય તો તે એક જ કે વીતરાગ પરમાત્માભાષિત ધર્મ જ, તે જ આપણું રક્ષણ કરનાર છે, અને દુર્ગતિમાં પડતાને બચાવનાર, ખાઇમાં પડતાંને ઉગારનાર કરુણાસાગર નિષ્કારણ બંધુ એ ~~ઘોર દુઃખની~~ ત્યાગી ગુરુઓ છે.

જીવને શરણભૂત હોય તો તે અરિહંત, સિદ્ધ ત્યાગી ગુરુઓ અને સર્વજ્ઞ પરમાત્માનો કથન કરેલો ધર્મ. તે સિવાય કોઇ રક્ષણ કરનાર નથી. બસ, આ ધર્મની આરાધનાના અભાવે જ જીવો વારંવાર જન્મ મરણના ઘોર દુઃખો પામે છે. આત્માને જન્મતાં નવ નવ મહિના ઊંધા મસ્તકે માતાના ઉદરમાં લટકવું પડે છે. ક્રૂર કર્મોના પ્રતાપે આત્મા નરક ને નિગોદના ભવોમાં રઝળે છે. આત્મા અલ્પ જીવનમાં કોઇની સાથે વૈર-વિરોધ, દૂરાચાર, કુકર્મ, નિંદા ને ઈર્ષ્યા, જૂઠ ને પ્રપંચમાં મહાપુણ્યે મળેલ માનવજીવનને વેડફી નાંખે છે પણ એ સમજતો નથી કે પરિણામે મ્હારે જ અસહ્ય પીડાઓ ભોગવવી પડશે.

ચેતન-આત્મા જડ પદાર્થોના સંગમાં જડ જેવો બની સ્વસ્વરૂપને ભૂલી જાય છે. અનંત તાકાત આત્માની છે એને પીછાણુતો નથી. પરભાવમાં ને પરભાવમાં રમી-રત બની જીવનની અમૂલ્ય તકને ગુમાવે છે. આ પ્રમાણે ગુરૂમહારાજે વૈરાગ્યના ઝરણાં વહાવ્યાં, અમૃતમય દેશના સાંભળી રાજા પણ વૈરાગી બન્યો, દીક્ષા ગ્રહણ કરી અંતે અક્ષય સુખનો સ્વામી બન્યો યાને મોક્ષમાં પહોંચી ગયો.

વ્યસનોમાં આધીન બનેલા મહાબળની કેવી વિચિત્ર દશા થઇ. તે આપણે ઉપર જોઈ ગયા.

( શાર્દૂલવિક્રીડિત )

જુઆ ખેલણુ પાંડવો વન ભમ્યા, મદ્યે બળી દ્વારિકા
માંસે શ્રેણિક નારકીદુઃખ લહ્યાં બાંધ્યા ન કે ચૌરિકા
આખેટે દશરથપુત્ર વિરહી કૈવન્નો વેશ્યા ઘરે
લંકાસ્વામી પરત્રિયા રસ રમે જે એ તજે તે તરે.

આવી વિચિત્ર દશા આપણી ન થાય, આપણો આત્મા દુર્ગતિમાં ન રૂલે, ચોરાશી લાખ યોનિમાં ન ઝુલે, જેથી પહેલેથી જ વ્યસનોને દેશવટો આપજો. જેમ કલીકાળસર્વજ્ઞ શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય મહારાજના ઉપદેશથી પરમાર્હત કુમારપાળ ભૂપાળે અઢારે દેશમાં સાતે વ્યસનો કોઇ ન સેવે તેવો પૂરતો પ્રબંધ કર્યો હતો.

આપણું પણ જ્યાં ચાલતું હોય, છેવટે ઘરમાં પુત્ર પરિવાર પણ વ્યસનોમાં ન ઝુકે તેની પૂરતી કાળજી રાખજો.

# ચેતનને ચીમકી

( રાગ–વીર વીર તું ભજતારે તેરી પીર હરેગા સોય. )

માન માન તું મત સબ મેરા તેરા નહીં હૈ કોય,

તન ધન જોબન ક્ષણમેં વિનાશી;
મ બન અબ તું વિષયવિલાસી,
સમજ સમજ તું સોતા કયોં હૈ, આતમ ધન દીયા ખોય. માન૦ ૧

સ્વારથકી હૈ દુનિયાદારી,
જીંદગી ફોગટ ખોતા સારી;
જ્ઞાન ગંગામેં ઝીલકર કરમન, મેલ કુંદે તું ધોય. માન૦ ૨

નર્ક નિગોદે તું ખૂબ ભટકા,
કર્મોને તુઝકો હૈ પટકા;
લટકા નો નો મહીના ગર્ભે, ખૂબ ચીલ્લાકે રોય. માન૦ ૩

અનંત શક્તિ આતમકેરી,
જન્મ મરણકી મિટાદે ફેરી;
જિનશાસન મહાપુણ્યે પાયા, ગફલતમેં મત સોય. માન૦ ૪

આતમ કમલસૂરિ લબ્ધિ લક્ષ્મણ,
પ્રભુ ભક્તિમેં દે તું તન મન;
ફેલાદે તું કીર્તિ જગમેં, શિવ શય્યામેં સોય. માન૦ ૫

# જુગાર નિષેધક.

રાગ ગઝલ.

ન બાંધો પ્રેમ જુગટાથી, જુગટીઓ દુઃખ પામે છે;
ન દેખે સૌખ્ય અંતરમાં, બધા ગુણોને વામે છે. ૧

અનીતિ માર્ગમાં ચાલે, અતિ ઝગડા કરી મ્હાલે;
અતિ દુષ્કર્મને પામી, સકળ ગુણવર્ગને ખાળે. ૨

ગુમાવ્યું શ્રી નળે રાજ્ય, હતું જે જગ વિષે પ્રાજ્ય;
જુગારે પાંડવો હારી, પોતાની દ્રૌપદી નારી. ૩

ઘણા જુગારીયા જોયા, અન્તે બધું ખોઈને રોયા;
મફતનો માલ ન પચવાનો, નક્કી અંતે ન બચવાનો. ૪

પછાડે ભૂ વિષે પાશા, ને રાખે દ્રવ્યની આશા;
નથી ત્યાં દ્રવ્ય મળવાનું, મળ્યે વિશેષ ટળવાનું. ૫

જુગારી જાનથી મારે, બીજાના બાળકો પ્યારે!
ગ્રીવા મરડી ગ્રહે ભૂષણ, ખરેખર એ મહાદૂષણ. ૬

જાણી એમ છોડજો જુગટું, દૂષણ એ છે મહામોટું;
આતમ કમલ વરે લબ્ધિ, લહે એ ત્યાગથી સિદ્ધિ. ૭

હે લાલ મુખડાવાળા યુવકો ! તમારી તરુણ અવસ્થાના લાવણ્યને ચિરસ્થાયી જોવા ચ્હાતા હો, તો માનસ મહારાજા ઉપર વિજય મેળવો !

શૃંગારિક વાંચન અને મનોવિકૃતિ પેદા કરનાર સાહિત્ય, તમારા નેત્રોની સામે પણ ન ધરતા !

વિજ્ઞાન વધતાં મૃત્યુને નોંતરનારા ભયંકર આવિષ્કારો પેદા થયા. તેમ બેજવાબદાર નિરંકુશ લેખકો વધતાં એવું ચેપી સાહિત્ય સર્જવું શરૂ થયું કે હજારો તરુણોની અખૂટ બળવાળી અક્ષીણ કાયાને પણ ક્ષીણ, હીન અને દીન બનાવી દીધી.

પવિત્ર પુરૂષોનાં જીવનચરિત્રો, અને સંસ્કારી સાહિત્યનું વાંચન એમના વિજયનું અમોઘ શસ્ત્ર છે. એ સમજવું.

" પીયૂષપ્રવાહ "

મુદ્રકઃ—શાહ ગુલાબચંદ લલ્લુભાઇ, શ્રી મહોદય પ્રી. પ્રેસ—ભાવનગર.